# નિવેદન

વડોદરા આવ્યા પહેલા પીએચ.ડી.ની પદવી મેળવીશ એવું ક્યારેય વિચાર્યું ન હતું. *એમ. એ. કરવા માટે વડોદરા આવી ત્યારે જ ખરેખર તો સાહિત્ય સાથે ખરો નાતો* જોડાયો. એમ. એ.ના અભ્યાસ દરમ્યાન જયેશ સરે એક વાર પૂછેલું કે- એમ. એ. પછી શું કરશો? ત્યારે મેં આ વિષયની કોઈ પણ ગંભીરતા જાણ્યા વગર કહી દીધું હતું કે – સર પીએચ. ડી. કરવાનો વિચાર છે. મારો આ વિચાર યુ.જી.સીની ફેલોશીપ મળતાં સાકાર થયો. નાનપણથી મમ્મી પાસે વાર્તાઓ સાંભળેલી પરિણામે કથા સાહિત્યમાં રસ. વાર્તાનાં ઊંડા અભ્યાસી જયેશ ભોગાયતા પાસે સંશોધન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. સરે મારી રુચિ અને નિષ્ઠા તપાસવા માટે કેટલુંક વાચવાનું અને તેના પરથી નોંધો કરવાનું સૂચવ્યું. તે પ્રમાણે વાંચન કરીને તેમનો વિશ્વાસ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો. તેમની સાથે સંવાદ કરતા જાણવા મળ્યું કે ગુજરાતી સાહિત્યવિવેચનમાં ટૂંકી વાર્તાની વસ્તુસંકલના સંદર્ભે કામ થયું નથી, પાશ્ચાત્ય સાહિત્યિક આંદોલન સંરચનાવાદે કથાસાહિત્યની મૂળગામી વિચારણાની સાથે તેનું વૈશ્વિક શાસ્ત્ર રચવાનાં પ્રયત્નો કર્યા છે. તો બન્નેને જોડીને સારું કામ થઈ શકે એવું સરે સૂચવ્યું. તેમનું આ સૂચન મને રસપ્રદ લાગ્યું પરિણામે- "કેટલીક પસંદગીની ગુજરાતી ટૂંકી વાર્તાની 'વસ્તુસંકલના'(Plot)નો સંરચનાત્મક અને તેની કાર્યસાધકતા સંદર્ભે અભ્યાસ" એવો વિષય નક્કી કર્યો.

કથાસાહિત્યમાં 'વસ્તુસંકલના' પાયાનું ઘટક છે. પૂર્વમાં ભરતમૂનિ અને પશ્ચિમમાં એરિસ્ટોટલ નાટક સંદર્ભે વસ્તુસંકલનાનું અનન્ય મહત્ત્વ સ્વીકારે છે. જ્યારે કથાસાહિત્ય સંદર્ભે ઈ.એમ. ફોસ્ટર, રોબર્ટ શોલ્સ વગેરેએ વસ્તુસંકલનાની પાયાની ચર્ચા આરંભી. ગુજરાતી સાહિત્યવિવેચનમાં વસ્તુસંકલનાની સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ ભૂમિકાએ ખૂબ ઓછી ચર્ચા થઈ છે. પરિણામે વસ્તુસંકલના સંજ્ઞા-વિભાવનાની સમગ્ર ભૂમિકાએ ચર્ચા અને ગુજરાતી ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં આરંભથી લઈને અત્યારસુધી વસ્તુની ગૂંથણી કેવી રીતે થઈ છે? કેવાં કેવાં પરિવર્તન આવ્યા છે, તે પરિવર્તનો કેટલાં કાર્યસાધક છે? તે મારા શોધનો વિષય છે. વસ્તુસંકલના એ ઘટનાની સ્થૂળ ગોઠવણી નથી પરંતુ સર્જક દ્વારા કરવામાં આવતી સજીવ સંરચના છે, જેનો હેતુ ભાવકમાં અભિપ્રેત અસર ઉત્પન્ન કરવાનો છે. જે સર્જક વસ્તુનું સાહજિક અને જીવંત સંકલન કરી શકતો નથી તે ભાવકમાં

અભિપ્રેત અસર ઉત્પન્ન કરી શકતો નથી. વસ્તુસંકલનાને કારણે જ સમાન વિષયવસ્તુ ધરાવતી  રચનાઓ જુદાંપણાંનો અનુભવ કરાવે છે. એવું આ વાર્તાની વસ્તુસંકલનાનાં અભ્યાસ પરથી કહી શકાય.

મૂળગ્રંથોનાં વાચનનો આગ્રહ રાખનાર મારા માર્ગદર્શક પહેલા તો આચાર્ય ભરતમૂનિ, આચાર્ય કુન્તક, ઈ.એમ. ફોસ્ટર, રોબર્ટ શોલ્સ, સોસ્યૂર, વ્લાદિમીર પ્રોપ, વિક્ટર શ્ક્લોવ્સકી, તોદોરોવ, રોલાં બાર્થ વગેરેનાં મૂળ ગ્રંથો વાચવાની સાથે તેની લાંબી નોંધો કરાવે, તેમાંથી વિવેચકનાં મૂળ વિચાર સુધી પહોંચાય તે માટે ફરી ફરી વંચાવે, જોડણી, વાક્યરચનાની ચોક્કસાઈ, સંશોધનની ભાષા માટે વારંવાર સૂચનો આપે. વાર્તાની વસ્તુસંકલનાનાં વિશ્લેષણમાં હું ક્યાં ફંટાઈ છું એ વિશે લાંબી નોંધો અને ચર્ચા કરી મારી ગૂંચો ઉકેલે, માર્ગ બતાવે. અંગ્રેજી પુસ્તકો અને અભ્યાસલેખો લાઈબ્રેરીમાંથી ન મળે તો પોતાની અંગત લાઈબ્રેરીમાંથી આપે. તેમની અંગત લાઈબ્રેરી વિદ્યાર્થીઓ માટે હંમેશા ખુલી જ હોય તેનો પરિચય તો મને એમ.એ.ના અભ્યાસ દરમ્યાન જ થયેલો. તેમનું એક જ ધ્યેય વિદ્યાર્થીને વાંચતા કરવા. આ રીતે મારી સંશોધનયાત્રા ચાલી. સંશોધનની સાથે અન્ય મુશ્કેલીઓમાં પણ સરે હંમેશા દિશા બતાવી સહકાર આપ્યો છે. માટે તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. જયેશ ભોગાયતા મનેં માર્ગદર્શક તરીકે મળ્યાં એ મારું સદભાગ્ય છે.

આ સંશોધન શક્ય બન્યું છે એમાં મારાં પરિવારનો સંપૂર્ણ સહયોગ છે. માતા-પિતા સામાન્ય ખેડુત, પરિણામે અનેક આર્થિક-સામાજિક મુશ્કેલીઓ વચ્ચે પણ સતત મને હુંફ અને પ્રોત્સાહન આપ્યું છે. લગ્ન બાદ મને કચ્છથી વડોદરા મોકલી પીએચ.ડી કરવા માટે સંમતી સાથે તમામ સામાજિક જવાબદારીઓમાંથી મુક્ત રાખી છે. મને બધી રીતે સ્વતંત્રતા અને પ્રેમ આપ્યો છે. મારી દરેક મુશ્કેલીમાં સાથે ઊભા રહ્યાં છે, માટે લાગે છે લગ્ન બાદ બીજા માતા-પિતા મળ્યાં. માટે બા-બાપુજી અને મારાં સમગ્ર પરિવારનું ઋણ ક્યારેય નહીં ઉતારી શકું. જીવનસાથી સુરેશે હંમેશા મારા અભ્યાસને પ્રાધાન્ય આપ્યું છે, મારી નાની મોટી મુશ્કેલીઓમાં સાથ આપી બળ પૂરું પાડ્યું છે. તેમના સહયોગ વગર તો હું મારું સંશોધનકાર્ય ક્યારેય ના પૂરું કરી શકી હોત. મારા સંશોધન દરમ્યાન વેઠવાનું આવ્યું હોય તો એ મારી દોઢ વર્ષની દીકરી હંસીકાને. આઠ મહિના જ હું તેની સાથે રહી શકી છું. તેનો વસવસો રહેશે. પણ તેની સાથે રહેવાની ઉત્કંઠાએ જ મને સંશોધનમાં સતત પ્રવૃત રાખી ઉતાવળ કરાવી છે.

ગુજરાતી વિભાગનાં મારા બધા ગુરુજનોએ હંમેશા મીઠો આવકાર, પ્રેમ અને પુસ્તકો આપ્યાં છે. ભરત મહેતાસરે મારી સંશોધન સંબંધી અનેક ગૂંચો ઉકેલી નવી દિશા બતાવી છે. સાહિત્ય ઉપરાંત અન્ય કળાઓ અને નવા નવા વિષયો પર અમારી સાથે વાતો કરીને અમને સમૃદ્ધ કર્યા છે, હળવા રાખ્યા છે. માટે તેમને સ્મરું છું. મારા સંશોધનના સહાધ્યાયી મિત્રો જલ્પા પટેલ, મૌલિકા પટેલ, ઉર્વશી ઉમરેઠિયા, હેમંત પરમાર, રાજેન્દ્ર બાંભણિયા, ગિરીશ મકવાણા, પ્રકાશ પરમાર, રાજેન્દ્ર પરમાર, દિલીપ ધોરિયા વગેરે સાથે બેસીને ચર્ચાઓ, નવું વાંચન, વિચારો અને પુસ્તકોનું આદાન-પ્રદાન કર્યું છે, મને પ્રુફમાં મદદ કરી છે, મુશ્કેલીમાં હંમેશા મારી સાથે રહ્યા છે માટે આભાર માની તેમના ઋણમાંથી મુક્ત થવા માગતી નથી.